

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત
Vibrant
PANCHOLI SAMAJ
તમસો માં જ્યોતિર્ગમય
પંચોલી નવયુગ
જુન-જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૦ અંક - ૬-૭-૮ વર્ષ ૫૮ સળંગઅંક : ૪૭૬-૪૭૭-૪૭૮
માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી
Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org

5 Anniversary

*Celebrate 5th Anniversary*
*Dt. 31-7-2020*

*"Thanking for successfully completed 5 years with the great support of our customers, Dealers Network & also our Pancholi member."*




# Radhe Electronics

*Branch 1---G 15, Patel Park, Tadwadi, Surat. Mo. : 72260-99993*
*Branch 2--- Shop No 1, Bellissimo-hub, Gaurav Path Road, Pal , Surat.*

**પાંચમી એનીવર્સરી નિમિત્તે પંચોલી સમાજના જ્ઞાતિજનોને સ્પે ડિસ્કાઉન્ટ**

Radhe Electronics 5 Th ANNIVERSARY

**Pinky Mistry - Hiren Mistry**

**RADHE ELECTRONICS**

radhehp24@gmail.com
Shop No. : 7226099993

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

**જુન-જુલાઈ-ઓગસ્ટ-૨૦૨૦**

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઈન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક રૂા. ૧૦/-**
**વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-**

# તંત્રી નોંધ



સુજ્ઞ જ્ઞાતિજનો.....

કુશળ હશો....

ભગવાન પાલક, પોષક અને નાસક છે... દુનિયાનું સર્જન અને વિસર્જન પણ એમના હાથમાં છે.... પૃથ્વીના બગડેલા વાતાવરને શુધ્ધ કરવા કોરોનાની મહામારી મોકલી અને બધુ લોકડાઉનના લીધે થંભી ગયું... અને વાતાવરણ શુધ્ધ થયું.. પોલ્યુશન ઘટી ગયું.... લોકો પ્રભુને પ્રાર્થના કરે છે... કે હવે આ મહામારી દુર કરો.... પરંતુ હમણાં ભગવાનનું વિસર્જનનું કાર્ય ચાલી રહ્યું છે.... આ માંથી બચવા માટે આપણે ટેલીફોનમાં બહેન જે વાત કરે છે એ મુજબ દો ગજ કી દુરી, મો-નાક પર માસ્ક રાખીશું અને એ મુજબ રહીશું તો જરૂર બચી જઇશું.... ઇશ્વરને એનું કાર્ય કરવા દો....

તા. ૫ ઓગષ્ટ એટલે આપણાં માટે એક ઐતહાસિક દિવસ... ભગવાન રામજન્મ ભૂમિનું ભૂમિપૂજન નરેન્દ્રભાઇ મોદીએ અભિજિત નક્ષત્રમાં કર્યુ.. ૫૦૦ વર્ષની ઇન્તેજારીનો અંત આવ્યો.... અને ૨૦૨૦નું વર્ષ સુવર્ણ અક્ષરે અંકિત થઇ ગયું..

પંચોલી સમાજના ઘણાં ડોકટરો, ભાઇઓ-બહેનો કોરોના વોરીયર્સ તરીકેની સેવા આપી છે... આપણા માટે ગૌરવની વાત છે... આ કાર્ય દેશના સૈનિક જેવું મહાન છે.... એઓ દેશની રક્ષા કરે આ લોકોએ માનવ જીવનની રક્ષા કરી... કારણ આ રોગ ગંભીર છે... ચેપી છે... સ્પર્શ કરનારને થઇ શકે એવો છે... અને જીવલેણ પણ છે... છતાં ઘરની બાળકોની ચિંતા કર્યા વગર સેવા આપવા જનાર... તેમજ પરિવારજનો પણ કઠણ કાળજા કરીને આ કાર્ય માટે મોકલનારને જેટલા અભિનંદનો આપીએ એટલા ઓછા છે...

જેને કોરોના થાય છે તે વ્યકિત અને તેના ઘરના સભ્યો પર શું વીતે છે તેનો વિચાર કરી શકય હોય ઘરની બહાર જવાનું

ટાળો, ઘરના વડિલો-બહેનો ઘરની બહાર નથી જતા પણ ઘરની એક જ વ્યકિત ,રની બહાર જાય એટલે ઘરના બધા જ બહાર ગયા બરાબર છે... આ વાત ધ્યાનમાં રાખો. ઘરની બહાર જનાર ભરમાં આવે એટલે સંપૂર્ણ સ્વચ્છ થયા પછી જ ઘરના બધાના સંપર્કમાં આવે...આપણે જ સાચવવું પડશે...

**અંતમાં ઘરમાં રહો.... સુરક્ષિત રહો...** અસ્તુ

દિનેશ એમ મિસ્ત્રી-નવયુગ તંત્રી
મલય ડી. મિસ્ત્રી - સહતંત્રી

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૌ.સ.મહામંડળ
મો. ૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ તથા બાળકો..

સૌ કુશળ હશો.

માર્ચ મહિનાના અંતથી જાણે એવું લાગે છે વર્ષ ૨૦૨૦ પૉઝ થઇ ગયું... નવેમ્બરથી શરૂ થયેલ કોરોનાનો કહેર હજી અટકવાનું નામ નથી લેતો, બલ્કે હવે નાના નાના ગામમાં પણ પગ પેસારો કર્યો છે. આપણે એના વિશે ઘણું જાણી ચૂકયા છે. જરૂરી છે.. સાવચેત રહેવાનું, સૌ કુશળ રહો, ઘરમાં જ રહો.. અને બહાર જવું જ પડે તો પુરતી તકેદારી સાથે જાઓ... આપણે સૌ અચાનક આવી પડેલ અકલ્પનીય સામાજિક, આર્થિક અને માનસિક પડકારનો સામનો કરી રહ્યા છીએ. આ પરિસ્થિતિમાંથી દુનિયાના ૭૮૦ કરોડ લોકો પસાર થઇ રહ્યા છે. આવનારા સુંદર સમય માટે પોતાને સતત પૉઝેટીવ મિત્રો, સગા - સંબંધી સાથે સતત વાતો કરતા રહો, હવે તો વિડીયો કૉલ, વિડીયો કૉન્ફરન્સથી પણ આપણે એકબીજાને મળવા જેટલો જ આનંદ માણી શકાય. અને હા કોરોનાથી ડરવાની નહીં માત્ર સાવચેત રહેવાની જરૂરીઆત છે, તો પૉઝીટીવ રહો... ઘરમાં રહો... બાકી બધા ખૂબ જ સમજુ છીએ..

બીજુ આવા કોરોના કાળમાં એક ઐતિહાસિક ઘટનાના આપણે સાક્ષી બન્યા... 'રામજન્મભૂમિ મંદિરનો શીલાન્યાસના'.. કેટલાએ વર્ષોની તપસ્યા બાદ આ અનેરો અવસર આપણે ટીવી દ્વારા માણ્યો..

થોડા સમય પહેલા પાનવડના શ્રી ત્રિકમભાઇ પંચોલીને ત્યાં લાગેલ આકસ્મીક આગને કારણે તેઓનું ઘર, દુકાન સંપૂર્ણ બળી ગયુ. મહામંડળના સહમંત્રી અને વડોદરા એકમના પ્રમુખશ્રી દેવાંગભાઇ દ્વારા તથા પાલ એકમના આવેલ પત્ર તથા ફોટોગ્રાફથી સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થતાં મહામંડળે નવયુગ દ્વારા મદદ માટે અપીલ કરી હતી.. અને જણાવતા આનંદ થાય છે કે સમાજના બંધુની વ્યથા સૌને સમજાય અને ખૂબ જ ટુંકાગાળામાં એક કુટુંબ માટે આપણે ૫,૫૦,૦૦૦/- કરતા પણ વધુ રકમ ભેગી કરી શકયા, મહામંડળના ઈતિહાસમાં આ એક સીમાચિન્હ છે, આ મદદ તેઓને પહોંચાડી દેવામાં આવી છે. પાલ વિભાગ આ વખતે મદદમાં અગ્રેસર રહ્યો.. તેઓ આવી જ રીતે મહામંડળમાં અન્ય કાર્ય માટે સક્રિય રહે એવી અપેક્ષા વધુ નથી.. આપણાંથી દુર રહીને પણ હજુ તેઓ ભારતને અને જ્ઞાતિબંધુઓને નથી ભૂલ્યા એવા યુ.કે. સમાજના થોડા કુટુંબોએ ભેગા મળી ૧,૦૬,૦૦૦/- + ૨૫,૦૦૦/- મળી કુલ ૧,૩૧,૦૦૦/- જેવી માતબર રકમની મદદ મોકલી, વડોદરા એકમે પણ રૂા. ૧,૦૦,૦૦૦/- ઉપર ભેગા કર્યા, સુરત, નવસારસ તથા અન્ય સભ્યોએ સીધી મદદ પણ મોકલી, વેબસાઇટ કયુ-વેબના ઇનામ વિજેતાઓની તમામ રકમ પણ

આજ ફેમીલીને આપવામાં આવી. સૌ દાતાઓ અને મદદકર્તા એકમોનો ખૂબ ખૂબ આભાર. મહામંત્રીશ્રી નિશીકાંત મિસ્ત્રીએ વખતો વખત આવેલ મદદની વિગતોથી અવગત કરાવતા રહ્યા છે..

પાનવડ તથા બારડોલી એકમમાંથી પણ મહામંડળની આજીવન સભ્યનું લીસ્ટ અને ફી આવી ગઈ છે, હજી ઘણાં એકમોની ફી બાકી છે, સૌને સભ્ય દીઠ રૂા. ૨૦ મોકલી સહકાર આપવા વિનંતી છે. રૂા. ૨૦ અને તે પણ ઘર દીઠ ફકત રૂા. ૨૦ વર્ષો માટે. હવે ઘરમાં ચાર સભ્યો હોય તો પ્રતિ વર્ષ માત્ર ૨૫ પૈસા/વ્યકિતઆટલી મામુલી ફી આપી મહામંડળનો રેકર્ડ અપડેટ કરવામાં સૌના સહકારી અપેક્ષા સ્વાભાવિક છે. અને આપણાં સૌની જરૂરી ફરજ પણ.

હાલની પરિસ્થિતિને ધ્યાને લેતા આ નવયુગનો બીજો ઈ-અંક પ્રકાશિત થશે.. જે વ્યકિત કે એકમને ાનવયુગની હાર્ડ કોપી નહીં જોઈતી હોય તેઓએ પોતાનું હાલનું સરનામું (જ્યાં નવયુગ આવતું હોય) તે સભ્ય નંબર સહિત જે તે એકમના હોદ્દેદારો દ્વારા નવયુગ તંત્રીશ્રીને મોકલવા, સભ્ય દ્વારા સીધી આવેલ રીકવેસ્ટ ધ્યાને લેવામાં આવશે નહીં જે તે એકના તમામ આવા સરનામા એક સાથે મોકલવા, જો કોઇ સરનામા રદ કરવાના હોય તો અન્યથા નવયુગ પોષ્ટ દ્વારા મળતા રહેશે.

તંત્રીશ્રી દિનેશભાઇએ સુંદર બંધારણ છાપીને તૈયાર કર્યુ છે અમારી અગાઉની જાહેરાત મુજબ અમોને મળેલ સરનામાઓ પર ટુંક સમયમાં બંધારણની નકલ રવાના કરવામાં આવશે.. હજી પણ જે એકમોના પ્રમુખ-મંત્રીએ સરનામા નથી મોકલ્યા તેઓ સરનામા મોકલ શકે છે...

થોડામાં ઘણુ....

**એક વાત હંમેશા યાદ રાખજો...**
**મેદાનમાં હારેલી વ્યકિત ફરી જીતી શકે છે,**
**પણ મનથી હારી જાય છે તે,**
**જીવનમાં કયારેય જીતી શકતો નથી...** અસ્તુ....

## ઋણ સ્વીકાર

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, શ્રી પંચોલી સમાજ-પાલ વિભાગ, યુ.કે પંચોલી સમાજ તથા અન્ય દાતાશ્રીઓ....

પાનવડ નિવાસી ત્રિકમભાઇ દલસુખભાઇ પંચોલી તથા મારો પરિવાર...

અમારા કુંટુંબ પર એકાએક આવી પડેલ અગ્નીરૂપી સંકટમાં અમારું આખુ ઘર, માલસામાન, ઘરવખરી તથા દુકાનનો બધો માલ બળી ગયો... એવા કપરા સમયમાં શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખશ્રી તથા અન્ય હોદ્દેદારોએ ત્વરીત પગલાં લઇ પંચોલી નવયુગમાં અમારા કુંટુંબ પર આવેલી આફતમાં મદદરૂપ થવા અપીલ કરી... પંચોલી નવયુગના તંત્રીએ પણ વધારાનું પેજ એડ કરતા સદર અપીલ એજ અંકમાં પ્રકાશિત કરી..અમારા કુંટુંબને ફુલ નહી તો ફુલની પાંખડીને બદલે સમાજના ભાઇઓએ જંગી માતબર રકમની મદદ કરી દાતાઓ દ્વારા દાનનો પ્રવાહ સતત વહેતો રહ્યો.. સમાજે અદ્દભુત એકતાનું ઉદાહર પુરું પાડ્યું.. અને અમારા કુટુંબને ફરી પગભર થવા માત્ર આર્થિક જ નહીં પણ સામાજિક હુંફ પણ પુરી પાડી. મહામંડળના હોદ્દેદારો પણ સતત સંપર્કમાં રહ્યાં..

મારા કુંબના દરેક સભ્યો સમાજના દાતાઓના આભારી છીએ, અદ્દભુત એકતા બતાવનાર જ્ઞાતિબંધુઓ અને મહામંડળને અમારી લાખ લાખ સલામ...

ઉપરોકટ સહાય મેળવી અમો સમાજના ઋણી થયા છીએ.. પરંતુ સમાજનું ઋણ ચુકવવાનું આવશે ત્યારે ચોકકસ સમાજના પડખે રહીશું... કોઈનો નામોલ્લેખ રહી ગયો હોય તો ક્ષમાયાચના....

જય પંચોલી સમાજ

લિ. ત્રિકમભાઇ દલસુખભાઇ પંચોલી
પાનવડ, વિ. છોટાઉદેપુર. મો. ૯૪૨૯૮ ૨૫૯૦૯

## સાતમી પૂણ્યતિથિએ હૃદયાંજલી



**સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી**

જન્મ : ૨૫.૦૧.૧૯૫૭ સ્વર્ગવાસ : તા. ૨૩.૦૭.૨૦૧૩

જીવન શાશ્વત છે.. પ્રેમ અમર છે...
મૃત્યુ ફક્ત સીમા છે...

**અર્પણકર્તા**

ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઈ પંચોલી
ચિ. સ્નેહા નંદકિશોરભાઈ પંચોલી
શ્રીમતિ ચૈતાલી રવિકુમાર જાદવ તથા ફેમીલી
૩૯, સંધ્યાવંદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત
મો. : ૯૩૭૫૧ ૦૧૮૩૬/૯૫૧૦૮૮૯૮૫૨



Name : **Trushart**
Address : 203, Sahara Appt. Nr. Sushrusha Hospital, Sardar Chowk, Vijalpur, Navsari
Mobile : 9879035166/9638919923/8141533624
Birth Date : 4th August 1992 Height : 5'5"
Weight : 69kg.
Education : Computer Hardware & Networking, Graphic Design.
Occupation : Owner of Meghana Gift Shop, Gift Manufacturing.
E-mail : trushartmistry92@gmail.com
Father : Jagdishbhai Manilal Mistry(G.D.Art)
Mother : Chhayaben Jagdishbhai Mistry
Sister : Meghana Cheten Mistry(Elder-Surat)
Brother : Priyank Jagdisbhai Mistry)Elder-Surat)

## હેપી બર્થડે....



ચિ.વેદાંસી ધવલકુમાર
મિસ્ત્રી-બીલીમોરા
તા. ૦૧.૦૭.૨૦૧૯

## ટીપે ટીપે સરોવર ભરાય...

રૂા. ૨૫૧/- વડોદરા(પાવી જેતપુર) નિવાસી શ્રી જયંતકુમાર પરસોત્તમદાસ પંચોલી તરફથી માતૃશ્રી ભીખીબેનના સ્મરણાર્થે

રૂા. ૨૦૧/- સુરત નિવાસી સ્વ. જીતેન્દ્રભાઈ જીવણલાલ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી....

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઈ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૭ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

❖ S.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ....

❖ H.S.C. માં **૭૦** % કે તેથી વધુ ગુણ મેળવનાર....

❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પોષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરં સરનામું, મોબાઇલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડ્યા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે

❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.

❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો.......

❖ **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૯.૨૦૨૦ સુધીમાં આપની માર્કસીટ કુરીયર દ્વારા મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી.**

**વોટસઅપ, ઈમેલ કે પોસ્ટ દ્વારા માર્કસીટ મોકલવી નહી...<br>વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં<br>લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી<br>માર્કસીટ કુરીયર દ્વારા જ મોકલવી...**

**S.S.C. અને H.S.C. ની માર્કસીટ પાછળ પર્સન્ટાઇલના ટકા કરી લખી મોકલવા વિનંતી... એડ્રેસ અવશ્ય લખવું.....**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ડો. બેક. રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

**ચાલી રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ તેજસ્વી તારલાઓના ફોટોગ્રાફસ અનુકુળતાએ છાપવામાં આવશે... જેની નોંધ લેવા વિનંતી..**

# જીવન રંગ

શોભા કિશોરભાઈ મિસ્ત્રી. અક્ષય
**બીલીમોરા**

હર્ષ અને ભાવિકાના જીવનમાં વર્ષો પછી સુખનો સૂરજ ઊગ્યો. લગ્નના નવ વર્ષ પછી એમના ઘરે રૂપકડી ઢીંગલીનું આગમન થયું. નામ રાખ્યું રૂપા. દાદીમા નિરંજનાબેન અને હર્ષ તથા ભાવિકાનો જીવનરંગ બદલાય ગયો. વર્ષો વીતવા માંડ્યા અને જોતજોતામાં રૂપા બાવીસ વર્ષની નવયૌવના બની ચૂકી. એ દરમિયાન દાદીમાએ જગતમાંથી વિદાય લઈલીધી.

મમ્મી - પપ્પા અને રૂપાની જિંદગી આનંદમય રીતે વીતી રહી હતી. ત્યાં એક રોડ અકસ્માતમાં હર્ષનું નિધન થયું. ભાવિકા તો દિગ્મૂઢ જ થઇ ગઇ. એનો જીવનરંગ સાવ જ બદલાય ગયો. જાણે પરાણે જીવતી હોય તેવી થઇ ગઇ. પણ રૂપાએ એને સાચવી લીધી.

સમય વીતવા લાગ્યો. ભણેલી અને સુંદર રૂપા માટે જ્ઞાતિમાંથી અને ઓળખીતાઓને ત્યાંથી માગા આવવા લાગ્યા. છોકરાઓ જોવા આવતાં બધી વાતચીત બરાબર થતી. પણ રૂપા અને જોવા આવનાર નવયુવકની ખાનગી મુલાકાત પછી કોને ખબર શું થતું કે યુવાનની ના આવી જતી. ભાવિકાને ચિંતા થવા માંડી પણ રૂપાને કંઇ ફેર પડતો નહીં. આમ કરતાં કરતાં બે વર્ષ વીતી ગયા.

એક સવારે આધુનિક વિચારસરણી ધરાવતાં શ્રીમંત પરિવારના વિધવા શેઠાણી રંજનબેનનો ફોન આવ્યો. રવિવારે તેઓ રૂપાને મળવા માંગતા હતાં. ભાવિકાબેને રૂપાને પૂછી હા કહી દીધી.

રવિવારે સાંજે ચારેક વાગ્યે રંજનબેન તેમના એન્જિનિયર પુત્ર નિમેષ સાથે આવી પહોંચ્યા. ચા નાસ્તો અને સામાન્ય વાતચીત પછી બંને જુવાનિયા બહાર આંટો મારવા ગયા. બહારથી આવ્યા પછી નિમેષે બે દિવસ પછી જવાબ આપવાનું કહ્યું અને બંને મા દીકરો રવાના થયા.

ઘરે ગયા પછી બીજે દિવસે પણ દીકરાને અસમંજસમાં ફરતો જોઇ રંજનબેને તેને કારણ પૂછ્યું. નિમેષની વાત સાંભળી રંજનબેને ભાવિકાબેનને ફોન કરી બીજા રવિવારે પોતાના ઘરે બંનેને બપોરે જમવા આવવાનું આમંત્રણ આપ્યું. ભાવિકાબેન વિચારમાં પડી ગયાં પણ છેવટે વિચાર્યું જે હશે તે રવિવારે ખબર પડી જશે.



રવિવારે બપોરે જમ્યા પછી રંજનબેને રૂપાને કહ્યું ," દીકરા , આટલી નાની વાતમાં આટલો બધો વિચાર કરવાનો હોય? આ સવાલ તેં નિમેષના બદલે મને પૂછ્યો હોત તો મેં પણ હા જ પાડી હોત."

આ બંનેની વાતમાં ભાવિકાને કંઇ સમજ ન પડી. એટલે એણે કારણ પૂછ્યું તો રંજનબેને એને જવાબ આપ્યો ," આ તમારી લાડકી બધાં યુવાનો પાસે એક જ શર્ત મૂકતી હતી કે, લગ્ન પછી એની મમ્મી એની સાથે જ રહેશે. બધાં યુવાનોને રૂપા પસંદ તો આવતી પણ આ શર્ત સાંભળી બધાં ના પાડી દેતાં હતાં. પણ નિમેષે ના પાડવાને બદલે મારી સાથે વાત કરી. એટલે મેં તમને બંનેને અહીં બોલાવ્યા."

"રૂપા , તુ શર્ત ન મૂકતે તો પણ લગ્ન પછી હું ભાવિકાબેનને આપણી સાથે જ રહેવા બોલાવી લેત."

"અરે! પણ એવું કઇ રીતે બને ? શાસ્ત્રોમાં તો દીકરીના ઘરનું પાણી પણ વર્જ્ય ગણાય છે." ભાવિકાબેન બોલ્યા.

" હવે એ બધી વાત જૂની થઇ ગઇ. મારી તમને આગ્રહભરી વિનંતી છે કે લગ્ન પછી તમારે અમારી સાથે જ રહેવાનું છે. આ બંને જુવાનિયા તેમની મસ્તીમાં હશે ત્યારે મને પણ કોઇ કંપની જોઇએ કે નહિ? આપણે બંને વેવાણો બહેનોની જેમ સાથે રહીશું. ક્યારેક તમારા ઘરે પણ રહીશું."

ભાવિકાબેન આધુનિક જમાનાના બદલાતાં જીવનરંગ ને જોઇ રહ્યા. બંને વેવાણો સ્નેહથી ગળે મળી અને લગ્નના ગોળધાણા ખાઇ લીધા.

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી જીતેન્દ્રભાઈ છગનલાલ મિસ્ત્રી અમદાવાદ | શ્રી રમેશચંદ્ર મગનલાલ પંચોલી છોટાઉદેપુર

# સંસ્થા સમાચાર

## પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

ભગીની સમાજ રાજપીપલાની માર્ચ મહિનાની મિટિંગ લૉકડાઉનને લઇને મૌકુફ રાખવામાં આવી હતી. છતાં હોળીની ઉજવણી ગીતાબેન અને હિનાબેને પોતાને ઘરે કરી હતી. એપ્રિલ મહિનામાં વિવિધ પ્રકારના કોરોના ઉકાળા બહેનોએ અલગ અલગ રીતે કર્યા અને વોટસ એપથી સર્વે બહેનોએ ઉકાળા રેસીપી સેર કરી અને કોરોના મહામારીમાં સાવધ રહેવા વિવિધ માહિતી આપી હતી.ગીતાબેન, દક્ષાબેન અને સ્મૃતિબેને કોરોનાને લગતો એક મીની નાટક શો કર્યો અને સર્વે બહેનોને સેર કર્યો.. માર્ચ-એપ્રિલ અને મેના પ્રોજેક્ટો ઘરે કર્યા.

ઉષાબેન અને અનસુયાબેને વેસ્ટ માંથી બેસ્ટમાંથી થરમોકોલનું ઘર બનાવ્યું. રેખાબેને એપ્રિલ મહિનામાં આવતી બાબા આંબેડકર જયંતિ વિશે નોંધ લખી. પૂર્ણીમાબેને ચીકુની બરફી અને હિનાબેને ચીકુ શેક બનાવી સેર કર્યો. સર્વે બહેનોએ મધર્સ ડે સેર કર્યો અને જયશ્રીબેને મધર્સ ડે નિબંધ વોટસએપ પર શેર કર્યો.

મે મહિનામાં શરબત હરીફાઇમાં ભાગ લીધો હતો જેના ઓનર હતા સુરેખાબેન-વડોદરા. રાજપીપલા ભગીની સમાજની બહેનોએ પેપર ફલાવર, શરબત, હેન્ડ ગૂથણ, ચિત્રકામ માં ભાગ લઇ લૉકડાઉનનો સદ્ઉપયોગ કર્યો હતો.

તા. ૧૩.૦૬.૨૦૨૦ના રોજ પૂર્ણિમાબહેનના ઘરે મિટિંગ રાખવામાં આવી હતી. પ્રથમ ગૂરૂવંદના અને માતાજીની સ્તુતિથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. પ્રમુખશ્રીએ કોરોના મહામારીમાં સલામત રહેવા માટે શું ધ્યાન રાખવું એ અંગે વિશેષ માહિતી આપી મિટિંગની શરૂઆત કરી. જૂન મહિનામાં સર્વે બહેનો માસ્ક અને સોશ્યલ ડિસ્ટનર્સીંગ રાખી ત્રણ માસ પછી મિટિંગમાં મળ્યા હતાં. તેમાં અથાણાં, વૃક્ષારોપણ, લગ્નગીત સ્પર્ધાના વિવિધ  પ્રોજેક્ટ, કર્યા. યોગ ડે નિમિત્તે યોગ કર્યા અને વિશેષ માહિતી યોગ વિશે આપી. કેરીની સીઝન હોવાથી કેરી માંથી બનતી વાનગીની રેસીપી શેર કરી.

જુન મહિનામાં સામાજિક સંસ્થાની મુલાકાતમાં રાજપીપલા સ્થિત ઘરડા ઘરની મુલાકાત લીધી. સર્વેને બિસ્કીટ તથા ફરસાણ આપવામાં આવ્યું. રાજપીપલામાં જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને અનાજ કીટનું વિતરણ કર્યુ.

૧૫૦/- સ્વ. કમળાબેન મુળજીભાઇ પંચોલીના સ્મરણાર્થે

૧૦૦/- ભૂપેન્દ્રભાઇ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી ભેટ મળ્યા.

જયશ્રીબેને કોરોના વિશે સ્વરચિત ગીત રજુ કર્યુ. હાઉસી રમ્યા પૂર્ણિમાબેન તરફથી સુંદર ભોજન કરાવવામાં આવ્યું. એમનો આભાર માની ગત મિટિંગ ગીતાબેનને ત્યાં નકકી કરી છુટા પડ્યા...

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા કોરોના મહામારીના કારણે જુન - ૨૦૨૦ની મિટિંગ ઓનલાઇન દ્વારા શ્રીમતિ આનંદીબેન નરેશભાઇ પંચોલીના ઘરે તા. ૨૪.૦૬.૨૦૨૦ને બુધવારના રોજ ઓનલાઇન આયોજન કરી ઘરમાં રહી.. સલામત રહી... મિટિંગનો આનંદ માણ્યો હતો.

મકાઇમાંથી વિવિધ ક્રાફટ બનાવવાની કોમ્પીટીશન રાખવામાં આવી હતી... જેમાં મકાઇમાંથી નીકળતી દરેક આઇટમનો યુઝ કરી સુંદર આઇટમો રજુ કરી ફોટા દ્વારા શેર કરવામાં આવી હતી. આ કોમ્પીટીશનના નિર્ણાયક તરીકે આનંદીબેને સેવા આપી હતી. જેમાં

સર્વ શ્રેષ્ટ પ્રથમ બે નંબર આપવામાં આવ્યા હતાં.. જેમાંપ્રજ્ઞાબેન તથા નીતાબેન, દ્વિતીય અને તૃતીય ઇનામ પણ બે રાખવામાં આવી હતા. જેમાં દ્વિતીયમાં સુરેખાબેન અને જ્યોત્સનાબેન અને તૃતીયમાં હર્ષાબેન અને લીનાબેન વિજેતા થયા હતા. ભાગલેનાર તમામનો આભાર માની શુભરાત્રી કહી છુટા પડયા..

તા. ૫મી જુન 'વર્લ્ડ એન્વાર્યમેન્ટ ડે'ની ઉજવણી મંડળની તમામ બેનોએ પોતપોતાના ઘરે છોડના પોટ સાથે ફોટા પાડી ગૃપમાં મોકલી ઉજવણી કરી હતી.

તા. ૨૧.૦૬.૨૦૨૦ 'વિશ્વ યોગ દિન'ની ઉજવણી બધી બહેનોએ પોતપોતાના ઘરે યોગા કરી ફોટા શૅર કર્યા હતાં.



તેજસ્વીની મહિલા મંડળ -વડોદરાની ઓનલાઇન મિટિંગ તા. ૨૨.૦૭.૨૦૨૦ના રોજ લીનાબેન બી. પંચોલીને ત્યાં રાખવામાં આવી હતી. લીનાબેન તરફથી શાકભાજી અને ફ્રુટના ઓરનામેંટ તથા કોવીડ-૧૯ પર ડ્રોઇંગ સ્પર્ધા રાખવામાં આવી હતી. આ બન્ને હરિફાઇના નિર્ણાયક તરીકે લીનાબેને સેવા આપી હતી..

શાકભાજી ઓરનામેન્ટ કોમ્પીટીશનના વિજેતા પ્રથમ પ્રજ્ઞાબેન અને દ્વિતીય વિજેતા આનંદીબેન અને તૃતીય વિજેતા હર્ષાબેન થયા હતાં. જ્યારે ડ્રોઇંગ કોમ્પીટીશનમાં પ્રથમ નિકુંજબેન, દ્વિતીય સુરેખાબેન અને તૃતીય પ્રીતિબેન મપારા વિજેતા થયા હતાં. અંતમાં સૌનો આભાર માન્યો હતો..

તા. ૩૧.૦૭.૨૦૨૦ના રોજ તેજસ્વીની મહિલા મંડળની ઓનલાઇન મિટિંગ નિકુંજબેન આર. પંચોલી દ્વારા રાખવામાં આવી હતી.

રક્ષાબંધનના તહેવારની ઉજવણીના ભાગરૂપે રાખડી બનાવવાની કોમ્પીટીશન રાખવામાં આવી હતી. જેમાં રાખડી અને થાળી ડેકોરેશન પણ રાખવામાં આવ્યું હતું. બહેનોએ વિવિધ વસ્તુઓનો ઉપયોગ કરી રાખડી તેમજ થાળી ડેકોરેશન કરી હતી.. નિર્ણાયકની સેવા નિકુંજબેને બજાવી હતી... અને વિજેતા જાહેર કર્યા હતાં. જેમાં પ્રથમ આનંદીબેન, દ્વિતીય લીનાબેન અને તૃતીય પ્રજ્ઞાબેન અને જ્યોતિબેન થયા હતાં. સ્પે. ફુડ રાખી બનાવવા બદલ સુરેખાબેનને વિજેતા જાહેર કર્યા હતાં.. અંતમાં આભાર માની શુભેચ્છાઓ પાઠવી હતી.

## તેજસ્વીની મહિલા મંડળ-સપ્તરંગી હરિફાઇ




તેજસ્વીની મહિલા મંડળ, વડોદરાના પ્રમુખ શ્રીમતિ સુરેખાબેન બી. પંચોલીની આગેવાની હેઠળ અને મહામંડળ પંચોલી મહિલા સંગઠનના પ્રમુખશ્રી શોભાબેન ડે. મિસ્ત્રી, કો-ઓર્ડિનેટર સ્નેહાબેન પી મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ સમાજની તમામ મહિલાઓ માટે મે-૨૦૨૦ અને જુન-૨૦૨૦ માટે 'સપ્તરંગી હરિફાઇ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સમગ્ર સંચાલન શ્રીમતિ સુરેખાબેને કર્યુ હતુ. વિવિધ હરિફાળના નિર્ણાયક તરીકે શ્રી સુરેખાબેન, શ્રી શીલાબેન અને આનંદીબેન પંચોલીએ સેવા આપી હતી.

આ સ્પર્ધાઓમાં મુંબઇ, વ્યારા, અંકલેશ્વરઘ ભરૂચ, વડોદરા, અમદાવાદ, રાજપીપલા અને સુરત એકમોમાંથી ૧૯૫ મહિલાઓએ ભાગ લીધો હતો. આ

બધીજ સ્પર્ધાઓ રસપ્રદ હતી.. બધીજ બહેનોએ ખૂબ જ મન મુકી પોતાની આગવી સુઝબુઝ અને કલા કૌશલ્ય દાખવી મનમોહક કલાકૃતીઓ રજુ કરી હતી. જે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. તમામ કૃતિઓમાંથી શ્રેષ્ઠ કૃતિઓ પસંદ કરી નીચે મુજબ વિજેતાઓ જાહેર કરાયા હતા...

(૧) લૉકડાઉન દરમ્યાન ફેમીલી સાથે કરેલ પ્રવૃત્તિઓ..
પ્રથમ : બિનિતાબેન પી. પંચોલી-વડોદરા
દ્વિતીય : કૌશલ એમ. પંચોલી-અમદાવાદ
તૃતીય : છાયા પંચોલી-સુરત

(૨) કોલ્ડ્રીંક જયુશ-મોકટેલ
પ્રથમ : જ્યોત્સનાબેન પંચોલી-વડોદરા
દ્વિતીય : દક્ષાબેન ડી. મિસ્ત્રી-અંકલેશ્વર
તૃતીય : પારુલ એચ. ગાંધી-વ્યારા

(૩) ન્યુઝપેપર-ગુલદસ્તા-બુકે
પ્રથમ : જ્યોત્સનાબેન પંચોલી-વડોદરા
દ્વિતીય : નેહાબેન એન. પંચોલી-અમદાવાદ
તૃતીય : જૅસલ ડી. પંચોલી-વડોદરા

(૪) પૉટ ડેકોરેશન
પ્રથમ : જીગીષા કે. પંચોલી-વડોદરા
દ્વિતીય : નિકુંજ આર. પંચોલી-વડોદરા
તૃતીય : જયશ્રીબેન પંચોલી-રાજપીપલા

(૫) બૉટલ ડેકોરેશન
પ્રથમ : દક્ષાબેન એસ. પંચોલી-રાજપીપલા
દ્વિતીય : પૂજાબેન પંચોલી-વ્યારા
તૃતીય : કેશાબેન પંચોલી-રાજપીપલા

(૬) ન્યુઝપેપરમાંથી ફેશન શૉ
પ્રથમ : યુકતા એમ. મિસ્ત્રી-મુંબઇ
દ્વિતીય : અનુરાધા બી. પંચોલી-રાજપીપલા
તૃતીય : હર્ષિતા એચ. પંચોલી-મુંબઇ

(૭) અંબ્રેલા ડેકોરેશન
પ્રથમ : નીપાબેન મિસ્ત્રી-અંકલેશ્વર
દ્વિતીય : હિતીકા મિસ્ત્રી-અંધેરી
તૃતીય : હર્ષાબેન જે. પંચોલી

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૨૭.૦૭.૨૦૨૦ના રોજ પંચોલી મહિલા મંડળની મિટિંગ ૪.૦૦ કલાકે વૉટસએપ દ્વારા કરવામાં આવી. પ્રમુખશ્રી સ્નેહાબેને અગાઉથી ડિકલેર કર્યા મુજબ રક્ષાબંધનનો તહેવાર આવતો હોવાથી બહેનોને વેસ્ટમાંથી બેસ્ટ રાખડી બનાવી વૉટસએપ પર મુકવી..

દરેક બહેનોએ ઉત્સાહભેર સુંદર અને કલાત્મક રાખડીઓ બનાવી ફોટા મુકયા હતા.... આ માસમાં આવતી બર્થડે એનીવર્સરી વિશ કરવામાં આવી.. અંતમાં ભાગ લેનાર તમામનો આભાર વ્યકત કર્યો હતો..

# એક વાર જાવુ હરીના ધામમાં



વ્યારા નિવાસી નિર્મળાબેન અમરતલાલ પંચોલી તા. ૧૨.૦૬.૨૦૨૦ના રોજ હરિના ધામમાં ગયા..



સુરત નિવાસી દિલીપભાઇ મોહનભાઇ પંચોલી તા. ૨૦.૦૭.૨૦૨૦ના રોજ હરિના ધામમાં ગયા.



સુરત-સગરામપુરા નિવાસી ફાલ્ગુની આશિષકુમાર પંચોલી તા. ૦૬.૦૮.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ
# અનુકરણીય

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ સ્થિત દેશભકત તથા સમાજ સેવક કોરોના સમયની સહામારીના કાળમાં અવિસ્મરણિય તથા ઉલ્લેખનીય, નિઃસ્વાર્થ સેવા બજાવનાર સમાજના લડવૈયાઓને કોટિ કોટિ વંદન..સહિત તમામ સભ્યોને 'પંચોલી વોરીયર્સ' સન્માનિત કરી ગર્વની લાગણી અનુભવે છે....

(૧) પંચોલી યુગાંતર ડો. ભુપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-મઝગાંવ

(૨) ડો. જુબીન ભૂપેન્દ્રભાઇ પંચોલી-મઝગાંવ

(૩) ડો. પ્રિયા જુબીન પંચોલી-મઝગાંવ

મહામારીના સમયમાં આવનાર તમામ દર્દીઓને યોગ્ય ચેકઅપ કરી દવા તથા વ્યવસ્થિત નિઃસ્વાર્થ માર્ગદર્શન આપવા બદલે....

(૪) ડો. ભાવના સંદીપ મિસ્ત્રી-અંધેરી ફ્રી કેમ્પ કરી ઇમ્યુનીટી બુસ્ટર-ઓરસેનિક-૩૦ હોમીયોપેથી દવાનું ફ્રી વિતરણ કરવા બદલ...

(૫) શ્રીમતિ રેશ્મા કુંતલ પંચોલી-માહિમ..સાયન હોસ્પિટલમાં કાબિલ નર્સની ઉલ્લેખનીય સેવા બજાવવા બદલ

(૬) ડો. પ્રણય મધુસુદન કાપડિયા-ખાર.. ખાર તથા બાંદ્રા સ્થિત કિલીનકના માધ્યમ દ્વારા આંખના દર્દીઓનું ચેક અપ કરી સેવા બજાવવા બદલ..

(૭) ડો. રાજવી આશિષ હરીશભાઇ પંચોલી-અંધેરી ડેન્ટીસ તરીકેની સેવા આપવા બદલ

(૮) શ્રીમતિ નિર્મિક્ષા અતુલ મોહનલાલ પંચોલી-અમરેલી(સુરત) પ્રાઇવેટ નર્સીંગ હોમમાં કોરોના દર્દીઓની સેવા આપવા બદલ..

(૯) શ્રીમતિ હેતલ કમલેશ ધીરજલાલ પંચોલી?દુભાષલેન મુંબઇ પેથોલોજી બ્લડ ટેસ્ટ લેબોરેટરીમાં ઓપરેટીંગ નર્સની સેવા બજાવવા બદલ...

સમાજના તમામ સભ્યો પણ ખૂબ ખૂબ આભાર વ્યકત કરે છે. આ મહામારી દરમ્યાન ઘરમાં સુરક્ષિત રહી, આત્મવિશ્વાસ જાળવી, આપનું તથા આપના પરિવારજનોનું આત્મબળ જાળવી, આત્મ નિર્ભર બની સ્વરક્ષણ કરવા બદલ... આજ પ્રમાણે એકબીજાને ઉપયોગી થઇપ સેવાભાવ દર્શાવી સમાજ અને દેશની ઉન્નતિ અને પ્રગતિ માટે એકત્ર રહી નિઃસ્વાર્થ પ્રતિભાથી સમાજને પ્રજવલિત કરી પ્રભાવિત કરતા રહીશું.... એન આશા....

# આપણું ગૌરવ

રાજપીપલાના શ્રી વૈભવકુમાર દિપેનભાઇ પંચોલીને એલ્થ ડિપાર્ટમેન્ટ જીલ્લા પંચાયત તરફથી એમણે કરેલ કામગીરીને લક્ષમાં લઇ સર્ટીફિકેટથી સન્માનિત કર્યા છે.. જયારે એમના ધર્મપત્ની મિત્તલબેન પણ આ કોરોનાકાળ દરમ્યાન એમની ચાર વર્ષની નાની બેબીની પરવા કર્યા વગર લેબમાં સેવા આપી રહ્યા છે... આ દંપતિને ખૂબ ખૂબ અભિનંદન....

# અનુકરણિય

વડોદરા નિવાસી શ્રી ગિરીશચંદ્ર મોહનલાલ પંચોલી તરફથી કોરોનાકાળ લોકડાઉન દરમ્યાન માર્ચ, એપ્રિલ, મે, જુન, જુલાઇ માસ માં જરૂરીઆતમંદ લોકોને દર મહિને આર્થિક સહાય રૂપે રૂા. ૧,૦૦૦/- લેખે રૂા. ૨૫,૦૦૦/- આર્થિક સહાય કરી છે... જે રકમ દર માસે જરૂરીઆતમંદના ખાતામાં જમા કરવામાં આવેલ છે.... ખૂબ ખૂબ આભાર.....

## નવયુગ શુભેચ્છક

### આઠમી પૂણ્યતિથીએ હાર્દિક શ્રંદ્ધાંજલિ



**સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી**

જન્મ : ૨૪:૧૧:૧૯૨૦ સ્વર્ગવાસ : ૦૭:૦૬:૨૦૧૨

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત,
પરિશ્રમ જેનું કર્તવ્ય, પરમાર્થ જેની ભકિત તથા
દિર્ઘદ્દષ્ટિ વાળું આયોજન અને સમજણ પૂર્વકની કરકસર હતી.
એવા અમારા પૂ. જેકોરબા ચંદન જેવું જીવન જીવીને શીતળતા
અમો સૌને આપી ગયા, ખુદ ઘસાયને સૌને કાજે સૌરભ બની
પ્રસરી ગયા, આપનો પરોપકારી વ્યવહાર કુશળ કુટુંબ ભાવનાના
અમો સૌને દર્શન કરાવી સુખ સાગરમાં વહેતા મુકી ગયા....
પરોપકાર આપનું રટણ હતું અને પરિશ્રમ આપનું કર્તવ્ય હતું
આવો સંસ્કારિક વારસો અમો સૌને આપી આપ દત્તશરણ થયા..
આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ મળે એજ
પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સહ કોટી કોટી વંદન

### અર્પણકર્તા

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર **2012-2032**

## નવયુગ શુભેચ્છક

### આઠમી પૂણ્યતિથીએ હાર્દિક શ્રંદ્ધાંજલિ



**સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી**

જન્મ : ૧:૧:૧૯૨૭ ઉ.વ. : ૮૫ સ્વર્ગવાસ : ૦૯:૦૬:૨૦૧૨

' પડખે ઉભા રહી ટેકો દીધો સદા,
આજે સાદ તમારો સંભળાય નહીં.
સહવાસની સુવાસને કદીય વિસરાય નહીં,
કંડારી ગઈ એક નવી કેડી ખેલદીલી તમારી.
જીંદગી જીવવાની, સદા નત મસ્તકે નમન કરીએ,
આપની જીવન જીવવાની રાહને.
અમ અંતરે, હૈયે રહેશો આપ સદા.....' એજ અમારી
પ્રાર્થના

### અર્પણકર્તા

કિરણ મણીલાલ પંચોલી અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના - ચિ. ક્રિશીવ કૌશલરાજ પંચોલી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી
ચિ હિયાંશ અક્ષરકુમાર ગાંધી

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીગ,
બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

**2012-2032**

પંચોલી નવયુગ શુભચિંતક
શ્રી ગજેન્દ્રભાઈ વલ્લભભાઈ મપારા વડોદરા
શ્રી કમલેશભાઈ મણીલાલ પંચોલી વડોદરા


# એક વાર જાવુ હરીના ધામમાં



ભરૂચ નિવાસી કેતનભાઇ સુરેન્દ્રભાઇ પંચોલી તા. ૨૩.૦૨.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૪૮



સુરત નિવાસી ઇન્દિરાબેન ધનસુખલાલ ગજ્જર તા. ૨૮.૦૬.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૮૩



સુરત નિવાસી શ્રી જીતેન્દ્રભાઇ જીવણલાલ આરીવાલા તા. ૧૪.૦૬.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા.



વ્યારા નવી વસાહત નિવાસી જ્યોત્સનાબેન એ. પંચોલી તા. ૨૩.૦૭.૨૦૨૦ના રોજ હરિના ધામમાં ગયા.



મુંબઇ-ખેતવાડી નિવાસી શ્રીમતિ ધરતીબેન જયંતભાઇ મિસ્ત્રી તા. ૧૫.૦૭.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૮



લેસ્ટર-યુ.કે. નિવાસી બાબુ(બાલુ)ભાઇ નટુભાઇ પંચોલી ઉ.વ. : ૭૪



સુરત નિવાસી રતિલાલ કુંવરજી પંચોલી તા. ૨૮.૦૭.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા.



પાવી-જેતપુર નિવાસી ભીખીબેન પરસોત્તમદાસ પંચોલી હરિના ધામમાં ગયા... ઉ.વ. ૯૧

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. છોટાલાલ ઈશ્વરલાલ પંચોલી વડોદરા | શ્રી ઈશ્વરભાઈ જગજીવનદાસ પંચોલી વડોદરા

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**